# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૨૬/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

..................................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **સાંસદ તથા દિલ્હીના પ્રદેશ અધ્યક્ષ શ્રી મનોજ તિવારીએ શહેરમાં વસતા ઉત્તર ભારતીયો સાથે બેસી આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો રેડીયો પ્રસારીત "મન કી બાત" કાર્યક્રમ નિહાળ્યો.**
- **દેશમાં સૌથી વધુ રોજગાર ઉત્તર ભારતીયોને ગુજરાતે આપ્યો છે.**
- **ઉત્તર ભારતીય સમાજ ભાજપની સાથે છે અને રહેશે : દિલ્હી પ્રદેશ અધ્યક્ષ શ્રી મનોજ તિવારીજી.**

ચૂંટણી પ્રચાર દરમિયાન સુરત પધારેલા સાંસદ તથા દિલ્હી પ્રદેશ અધ્યક્ષ શ્રી મનોજ તિવારીજીએ ચોર્યાસી વિધાનસભા મત ક્ષેત્રના ડિંડોલી–ખરવાસા રોડ પર સ્થિત ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. તેઓએ અહીં ચોર્યાસી વિધાનસભાના ભાજપના ઉમેદવાર શ્રીમતી ઝંખનાબેન પટેલ, પૂર્વ ડેપ્યુટી મેયર દયાશંકરસિંગ, વિસ્તારના કોર્પોરેટર શ્રીમતી રીનાબેન ઉપાધ્યાય, શ્રી સંતોષ પાંડેજી, શ્રી ઓમકાર મિશ્રાજી, શહેર

યુવા મોરચાના મહામંત્રી શ્રી પંકજ તિવારી સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા ઉત્તર ભારતીયો સાથે બેસીને આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો રેડીયો પ્રસારીત "મન કી બાત" કાર્યક્રમ નિહાળ્યો હતો.

શ્રી તિવારીજીએ ૨૬/૧૧ની ઘટનાને યાદ કરતા જણાવ્યું હતું કે કેટલાક રાજકીય દળો પણ છે જે આતંકવાદનું સમર્થન કરે છે હાફીઝ સઈદ જેવા આતંકવાદીઓને પીઠબળ પૂરું પાડે છે. આતંકવાદીના જેલમાંથી છુટવાથી રાહુલ ગાંધી જેવા લોકો ટિપ્પણી કરે છે અને કહે છે કે 'જુઓ આ શું થઈ ગયું'. આતંકવાદ અને ભ્રષ્ટાચાર વિરૂધ્ધ કેવી રીતે લડવું જોઈએ તે આજે અમારા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ "મન કી બાત" કાર્યક્રમ થકી અહીં પ્રેરણા પુરી પાડી છે.

શ્રી મનોજ તિવારીજીએ અહીં વસતા ઉત્તર ભારતીયોની વાત કરતા જણાવ્યું હતું કે ઉત્તર ભારતીયો હર હંમેશ ભાજપની સાથે રહ્યા છે અને રહેશે. દેશમાં સૌથી વધુ રોજગાર ઉત્તર ભારતીયોને ગુજરાતે જ આપ્યો છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે દરેક ક્ષેત્રે ઉત્તર ભારતીયોનું ધ્યાન રાખ્યું છે. શ્રી મનોજ તિવારીજીએ અહીં સુંદર ગીત રજૂ કરી, કહ્યું કે આપણે સૌ સાથે મળી સંઘર્ષ પર વિજય પ્રાપ્ત કરીએ.